# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CM GLOBAL SUMMIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત 2 હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ વિકાસકાર્યોમાં પાણી પુરવઠા વિભાગના 13, શહેરી વિકાસ વિભાગના 11, માર્ગ અને મકાન વિભાગના 5, ગૃહ વિભાગના 3 અને જળ સંપત્તિ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના 1-1 વિકાસ પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્યને દેશની આર્થિક મહાસત્તા બનાવવામાં ‘વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ’ સમિટની ભૂમિકા પાયારૂપ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પરિકલ્પનાથી શરૂ થયેલ વાઇબ્રન્ટ સમિટના 10 સંસ્કરણોને મળેલી ભવ્ય સફળતાથી, રાજ્યમાં 103 કરોડ 37 લાખ રૂપિયાથી વધુના બે લાખથી વધારે કરાર થયા છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે છેલ્લા 10 વર્ષોમાં અનેક પ્રતિષ્ઠિત અને વૈશ્વિક ઉદ્યોગોએ રાજ્યમાં રોકાણ કર્યું છે, જેને પરિણામે ગુજરાત આજે દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.

-----------------

## VIKAS SAPTAH - DISTRICT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુ-શાસનના ૨૩ વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં ‘વિકાસ સપ્તાહ’ ઉજવાઈ રહ્યું છે, ત્યારે રાજકોટ

જિલ્લામાં કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન મુજબ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત ગોંડલ શહેરમાં વિકાસ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે વિકાસ સપ્તાહ અંતર્ગત જૂનાગઢ જિલ્લાને વંથલી એપીએમસી ખાતેથી ૧૯ કરોડ ૫૯ લાખ રૂપિયાના પ્રજાલક્ષી વિકાસ કાર્યોની ભેટ આપી હતી. તેમણે વંથલી પશુ દવાખાનાનું ગૌ પૂજન કરીને લોકાર્પણ સહિત વિવિધ વિકાસ કામોનું ઈ-ખાતમુહૂર્ત કર્યું.

વિકાસ સપ્તાહ અંતર્ગત ITI સુરેન્દ્રનગર ખાતે નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે સાંસદ શોભના બારૈયા અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં 83 કરોડ 94 લાખ રૂપિયાના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કરાયા હતા.

ખેડા જિલ્લામાં આવતીકાલે બાલ્કન-જી-બારી, નડીઆદ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

.................

## AHMEDABAD AADI HAAT MAHOTSAV

કેન્દ્રીય રાજ્યમંત્રી દુર્ગાદાસ ઉઇકેએ આજે આમદાવાદ હાટ ખાતે આદિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો છે.

આ પ્રસંગે રાજ્ય આદિજાતિ વિકાસ મંત્રી કુબેર ડિંડોર સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જનજાતીય કાર્ય મંત્રાલય અને ટ્રાઇબલ કો-

ઑપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઑફ ઇન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજીત આ આદિમહોત્સવમાં હાથશાળ અને હસ્તકલા ઉત્પાદનોનું વેચાણ અને પ્રદર્શન યોજાયું છે. 22 ઑક્ટોબર સુધી આ પ્રદર્શનની મુલાકાત લઈ શકાશે. આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય રાજ્યમંત્રી દુર્ગાદાસ ઉઇકે જણાવ્યું કે આ પ્રકારના આયોજનો થકી આદિજાતિ સમુદાયોના ગૌરવશાળી ઇતિહાસ અને સંસ્કૃતિને ઓળખ મળે છે. વધુમાં તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આદિજાતિ પરિવારોને ખરા અર્થમાં સ્વાભિમાન, સન્માન અને ગૌરવ અપાવ્યું છે અને તેમના શાસનમાં આદિજાતિના પરિવારોના વિકાસ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી છે.

---------------

# TAPI FARMER

તાપી જિલ્લામાં વર્ષ 2009માં બનેલ રાષ્ટ્રીય ધોરી માર્ગ 53ના નિર્માણ સમયે થયેલા જમીન સંપાદન અંગે વડી અદાલતે કરેલા વળતરના હુકમ છતાં ચૂકવણીમાં વિલંબ થતા, જિલ્લાના ખેડૂતોએ આ અંગે કલેક્ટરને આવેદન પત્ર આપ્યુ હતું. ખેડૂતોની રજૂઆત છે કે વડી અદાલતના આદેશ બાદ પણ ખેડૂતોને તેમની જમીન સામે વળતર અપાયું નથી, જેને તાત્કાલિક ધોરણે ચૂકવવાની ખેડૂતોની માંગણી છે.

-------------------

## GUJARAT WEATHER

દક્ષિણ પશ્ચિમ ચોમાસું તેના અંતિમ તબક્કામાં છે, દરમિયાન રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ જેવા જિલ્લાઓમાં અંતરિયાળ ભાગોમાં છૂટાછવાયો વરસાદ પડ્યો છે. આ તરફ ઉત્તર ગુજરાતના કેટલાક ભાગો તેમજ સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને સુરેન્દ્રનગર અને કચ્છના કેટલાક ભાગોમાં પણ વરસાદી માહોલ સર્જાયો હતો.

ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે ગઈકાલે મોડી સાંજે શરૂ થયેલો વરસાદ આજે સવાર સુધી રહ્યો, આહવામાં પોણા ત્રણ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત વઘઈ, સુબિર તાલુકાઓમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના કેટલાક ભાગોમાં આગામી બે દિવસમાં ભારે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગરમાં હળવા વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા-નગર હવેલી સહિતના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે મધ્યમ વરસાદની શક્યતા છે. કચ્છ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર,

મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ તેમજ કચ્છના કેટલાક ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

-------------------

## World E-Waste Management Day

આજે વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે આ દિવસ ‘Retrieve, Recycle and Revive’ની વિષયવસ્તુ સાથે ઉજવાશે. ઇ-વેસ્ટમાં મુખ્યત્વે લેડ, મર્ક્યુરી અને કેડમિયમ જેવી અનેક પ્રકારની ઝેરી અને હાનિકારક ધાતુઓ હોય છે જે મોટા પ્રમાણમાં વાયુ, જળ અને જમીનમાં પ્રદૂષણ ફેલાવે છે. રાજ્યમાં કુલ 40 જેટલા અધિકૃત ઈ-વેસ્ટ રિસાઇકલ કરનાર સંસ્થા છે જેની કુલ ક્ષમતા 1.91 લાખ મેટ્રિક ટન પ્રતિ વર્ષ છે. રાજ્યમાં છેલ્લા ૩ વર્ષમાં એક લાખથી વધુ મેટ્રિક ટન ઇ-વેસ્ટ એકત્ર કરાયું છે. આ ઈ-વેસ્ટમાંથી મળતા આર્યન, કોપર વગેરે કિંમતી ધાતુઓનો ફરીથી નવી ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય વસ્તુઓ બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2018થી વૈશ્વિક સંસ્થા "વેસ્ટ ફ્રોમ ઇલેક્ટ્રિકલ એન્ડ ઇલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ ફોરમ" દ્વારા દર વર્ષે 14મી ઓક્ટોબરે ‘વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.

-----------------------------------